# :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા/ઓ.એસ.સેકશન/૮૯૨/૨૦૧૬

કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી અમદાવાદના પત્ર ક્રમાંકઃ નં.ડીસી/એમએજી /જાહેરનામું/૧૬, તા.૧૪/૧૨/૨૦૧૬ ના પત્ર અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તા.૧૮/૧૨/૨૦૧૬ ના રોજ ક.૧૨/૦૦ થી ક.૧૪/૦૦ દરમ્યાન આદિજાતી વિકાસ અધિકારીની પરીક્ષા અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઇપણ પ્રકારની ખલેલ વિના, શાંત અને મુકત વાતાવરણમાં આપી શકે, તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા ઉમેદવારોને ખલેલ પહોંચાડે નહિં, તથા પરીક્ષા દરમ્યાન કોઇ ગેર કાયદેસર પ્રવૃત્તિ આચરે નહી તે સારૂ અમદાવાદ શહેરના ઉપરોકત પરીક્ષાના પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓને ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવા, પરીક્ષા કેન્દ્રોમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવા, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રીત થવા તથા પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા, ચારથી વધુ માણસો ભેગા થવા પર પ્રતિબંધ મુકવા, ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રોમાં મોબાઇલ લઇ જવા ઉપર પ્રતિબંધ, પરીક્ષા કેન્દ્રોના આજુ-બાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૧૮/૧૨/૨૦૧૬ ના ક.૧૦/૦૦ થી ક.૧૫/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત કૃત્યો :-**

(૧) પરીક્ષા કેન્દ્રોની આજુ-બાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓએ ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા કે પરીક્ષા કેન્દ્રોના સંચાલકોએ ઝેરોક્ષ મશીન/સ્કેનર મશીન ચાલુ રાખવા નહી.

(૨) અમદાવાદ શહેર વિસ્તારમાં જે પરીક્ષા કેન્દ્રો નકકી કરવામાં આવેલ છે તે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રીત થવું નહી.

(૩) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકતિઓએ ભેગા થવું નહી.

(૪) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ મોબાઇલ ફોન/પેઝર/બ્લ્યુ ટુથ કે કોઇ સંદેશા વ્યવહારના ઉપકરણો લાવવા નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોના આજુ-બાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા નહી.

**પ્રતિબંધિત વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના સદર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં.

❖ **અપવાદ :** આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ.

(૨) કોઇ લગ્નના વરઘોડાને,

(૩) કોઇ સ્મશાન યાત્રાને,

(૪) ફરજ પરના કર્મચારીઓ તથા પોલીસ/એસ.આર.પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનોને,

આ હુકમ તા.૧૮/૧૨/૨૦૧૬ ના ક.૧૦/૦૦ થી ક.૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો.કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગાઓએ નકલો ચોટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ : ૧૬ ડિસેમ્બર સને ૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

અમદાવાદ.

( એ. કે. સિંઘ )
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુ.રા. ગાંધીનગર.
(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૫) કલેક્ટરશ્રી, અમદાવાદ.
(૬) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા. ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમબ્રાંચ, વહીવટ, મુ.મથક, અમદાવાદ શહેર.
(૧૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ટ્રાફીક, અમદાવાદ શહેર.
(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ )
(૧૭) તમામ પો.ઇન્સ.શ્રી, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.) અમદાવાદ શહેર.
(૧૮) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૧૯) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.